નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ કચેરીના રીનોવેશન બાબત.
નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫, રકમ રૂ. ૧૪૬.૬૭ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: SJED/MSC/e-file/17/2023/3307/A Section
સચિવાલય, ગાંધીનગર
તા: *e-sign* મુજબ

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૭/૦૩/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૧/૦૯/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ.

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૨૨/૦૧/૨૦૨૬નો પત્રાંક: વિજાક/મ-સ્ટોર/૨૦૨૫-૨૬/૧૯

<u>આમુખ</u>: -

આ વિભાગ હસ્તકની નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના રીનોવેશનની રૂ. ૫૧ લાખની સને ૨૦૨૪-૨૫ની નવી બાબતને વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ત્યારબાદ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી રૂ. ૫૧.૦૦ લાખમાં વધારો કરી, સદર નવી બાબત માટે રૂ. ૯૦.૩૪ લાખની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૩) પરના પત્રથી સદર કચેરીના રીનોવેશન માટે રૂ. ૫૬.૩૩ લાખની વધારાની રકમ મંજૂર કરવા તથા તે મુજબ પુનઃ સુધારેલ વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના રીનોવેશન માટેની રકમમાં વધારો કરી, સદર નવી બાબત માટે રૂ. ૧૪૬.૬૭ લાખની આથી સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) અને (૨) પરના ઠરાવની અન્ય તમામ શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૨૧/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(સમીર ગરાસિયા)
સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...

-સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

Signature valid

Signed by:Samir Ga...
Section Officer
Date:202..23
16:50:13 ...